## જયુડી.મેજી.ફ.ક.(ત્રીજી) કોર્ટ, શ્રી પી.જે.રાયચુરા સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.

ફોજદારી કેસ નં. 24752_2021

આંકઃ

ફરિયાદી :- શ્રી સરકાર

વિરૂદ્ધ

ઈન્દ્રજીત રણજીતસીંહ સોલંકી

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતાા , ૧૮૬૦ ની કલમ 188, 269 મુજબ**

**:: ચુકાદો ::**

( ૧ ) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટના કોલમ નં. ૫માં જણાવ્યા મુજબનો આરોપીએ ગુન્હો કરેલ હોય , આરોપી વિરૂદ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની **કલમ 188, 269 મુજબ** ના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

( ૨ ) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ( સંહિતા) ની કલમ – ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા **કબુલાત પુરશીસ** તેમજ ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની **આરોપીની પ્લી** નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર , સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની **કલમ 188, 269 મુજબ** ના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો

નહિ કરવાની ખાતરી આપેલ છે, આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

( ૩ ) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોયલ જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય , ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## :: હુકમ ::

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ – ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની **કલમ 188, 269 મુજબ** નાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦/– અંકે રૂપિયા એકસો પુરા/– નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ **૧૦** માહે **જુલાઈ,** સને **૨૦૨૧** નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૦/૦૭/૨૦૨૧.
સ્થળ:– વડોદરા.

(પી.જે.રાયચુરા)
જ્યુડી.મેજી.ફ.ક.
ત્રીજી કોર્ટ, વડોદરા.
કોડ: જીજે૦૧૦૮૩